શ્રી.

સત્યવાન સાવિત્રી

નાટકનાં ગાયનો.

શ્રી નરહરિ પ્રાસાદિક નાટક કંપની માટે

રચનાર તથા પ્રસિ[illegible]કાર

જમનાદાસ વસનજી ઠક્કર

મેનેજર.

ન. પ્રા. ના. કું.

આવૃતિ ૧ લી — પ્રત ૧૦૦૦

સંવત [illegible] — ઇસ. ૧૯૦૯

કીમત રૂ. ૦-૨-૦.

ધી 'ગુજરાત' પત્ર પ્રિન્ટીંગ પ્રેસ—નડીઆદ.

શ્રી.

સત્યવાન્ સાવિત્રી

નાટકની હકિકત.

અંક પહેલો.

૧–શ્રી સરસ્વતિની સ્તુતિ, અને પ્રયોગના સારાંશ બાદ—શાલ્વ દેશના વૃદ્ધ મહારાજા દ્યુમત્સેનને તેના રાજ્ય લોભીભાઇ ચંડસેને દગાથી પદભ્રષ્ટ કરી, રાણી શૈબ્યા અને બાળક પુત્ર સત્યવાન્ સહિત વનવાસ કરાવ્યો જેથી તે વૃદ્ધ અને અંધ દંપતિ ઘણાં વર્ષથી વનમાં રૂપિ જીવન ગાળે છે. સદ્‌ગુણિ સત્યવાન્ તેની સેવા કરે છે. તે ઉપવનમાં કોઇ ઉપદ્રવ કરવા આવ્યો છે. એવા શબ્દ કાને પડતાં સત્યવાન્ તેને શિક્ષા કરવા જાય છે.

૨–મદ્રદેશના મહારાજા અશ્વપતિની કન્યા સાવિત્રી પોતાની સખી માધવી, અને પ્રધાનજી સહીત પિતુ આજ્ઞા પ્રમાણે યોગ્ય સ્વામિ શોધવા નિકળેલી; તે ચંડસેનને દ્યુમત્સેનની પર્ણકુટી બાળી નાખવાના પ્રયત્ન કરતો જોઇ પકડે છે. એટલામાં સત્યવાન્

ત્યાં આવી પહોંચે છે. ને ચંડસેનને જોગાવે છે. અહીં સાવિત્રી પોતાના મનમાં સત્યવાનને સ્વામિ તરીકે સ્વિકારે છે,

૩–મદ્રદેશનો રહીશ, માધવીનો પિતા નાગજી; પોતાના ભાઇ રચમલાલને મિલકતમાં ભાગ ન આપવાના ઇરાદાથી આળ કલ્પ્યા કરી કાઢી મૂકે છે.

૪–અશ્વપતિની રાજ સભામાં સત્યવાન્ સ્વામિ શોધી આવેલી સાવિત્રીની ખબર આવવાથી અશ્વપતિ, દેવ મુનિ નારદજીને સત્યવાનના ગુણ દોષ પુછે છે, જેથી નારદજી "સત્યવાન્ માત્ર એક વર્ષ જીવશે" એવું ભવિષ્ય કહે છે. તેથી સહુ સાવિત્રી માટે બીજો સ્વામિ શોધવાનો અભિપ્રાય આપે છે પણ સાવિત્રી તે વાતનો અનાદર કરી સત્યવાનનેજ સાચો સ્વામિ સાબિત કરે છે. તેથી અને આકાશ વાણીને આધાર સહુ સાવિત્રીની હઠને વિસ્કારે છે.

૫–સાવિત્રી ચિંતા કરે છે. માધવી તેને ધીરજ આપે છે. ત્યાં સત્યવાન્ સાથે લગ્ન કરવાને પિતાજી કબુલ થયા છે. ને સર્વ સહિત દ્યુમત્સેનના આશ્રમે જવાની તૈયારી કરે છે. આવી ખબર ચંપક દાસી સાવિત્રીને આપે છે.

૬–ચંડસેનના પ્રધાન પ્રેમરાયના નાની ઉમ્મરના દીકરા દુધમલ વેરે, રૂપિઆ દશ હજાર લઇ નાગજી પોતાની જુવાન દીકરી માધવીને પરણાવે છે. અને મુહુર્તમાં બન્ને વહેવાઇઓમાં દુશ્મનાઇ થાય છે.

૭-પોતાના જેવા કંગાલને પરણવા આવેલી સાવિત્રીની ભૂલનો ખેદ કરતા સત્યવાનને સાવિત્રી ગુ[illegible] મનનું સમાધાન [illegible]

૮–[illegible]

અંક બીજો.

૧–નાગજીથી રીસાઇ શાલ્વદેશનાં આવી શ્યામલાલ નોકરીની તજવીજ કરે છે.

૨–સાવિત્રીએ કરેલાં અપમાનથી અશ્વપતિને પાયમાલ કરવાની તકજોતા ચંડસેનને, લાલચ બતાવી શ્યામલાલ લશ્કરનો અમલદાર થાય છે.

૩–એક વર્ષનાં આયુષ્યવાળા સત્યવાનને અનેક વર્ષનાં આયુષ્ય વાળો કરવા માટે સાવિત્રી વટ સાવિત્રીનું વૃત કરી સ્ત્રી ધર્મના ગરબા ગાય છે. તેવામાં માતા પિતાનાં પૂજન માટે પુષ્પ અને યજ્ઞ સમિધ (કાષ્ટ) લેવા સત્યવાન્ ને જતો જોઇ સાવિત્રી ! એક વર્ષ આજે પૂર્ણ થયું એવી સ્મૃતિ આવે છે. જેથી પોતે પણ હઠથી પતિ સાથે વનમાં જાય છે.

૪–નાગજીને શ્યામલાલ લાલચમાં નાખી ફસાવે છે.

૫–દુધમલ અને માધવીની મુલાકાતથી અયોગ્ય લગ્નનાં પરિણામનો ચિતાર,

૬–આયુષ્ય પૂર્ણ થએલા સત્યવાનનો જીવ લેવા આવનાર દૂતને પોતાના વૃતના પ્રભાવે સાવિત્રી પાછો કાઢે છે જેથી યમરાજ પોતે આવી સત્યવાન્નો જીવ ખેંચી જાય છે, સાવિત્રી તેની પાછળ જાય છે,

૭–નીચ નાગજીનું તમામ ધન બળાત્કારે લઇ શ્યામલાલ તેને કેદ કરે છે, અને શાલ્વદેશ લઇ જાય છે.

૮–સતી સાવિત્રી પોતાનાં વૃતનાં બળથી બ્રહ્મા, વિષ્નુ, મહેશ, અને યમરાજને જીતી સત્યવાનને સો વર્ષનું આયુષ્ય અપાવે છે અને બીજાં પણ વરદાન લીએ છે,

અંક ત્રીજો

૧-માધવી પર ખરાબ વાનત કરનાર ચંડસેનને પાયમાલ કરવા
ના અને ખરા હકકદાર સત્યવાનને પાછી રાજગાદી અપાવવા
ના હેતુથી શ્યામલાલ લશ્કરને ચંડસેન વિરૂદ્ધ ઉશ્કેરે છે

૨-શ્યામલાલ માધવીને મળી ગુપ્ત રીતે પોતાની સાથે મદદ દેવા
લઇ જાય છે

૩-સાવીત્રી સત્યવાનમાં જીવ અર્પણ કરે છે.

૪-માધવીને બદલે નાગજીને રાજમહેલમાં મોકલી શ્યામલાલ ચંડ
સેનને બનાવે છે

૫-શ્યામલાલ અશ્વપતિને મળી પોતે ચંડસેન વિરૂદ્ધ છે એવી ખા
ત્રી આપે છે.

૬-છેડાયલો ચંડસેન આવી શ્યામલાલથી દ્વંદ્વ યુદ્ધ કરી કેદ થાય
છે. તેને લઇ શ્યામલાલદ્યુમત્સેન પાસે જાય છે.

૭-ચિંતા કરતા દ્યુમત્સેન શૈબ્યા અને અશ્વપતિને સત્યવાન સાવિત્રી
મળેછે માધવી નિષ્કલંક ઠરે છે. પ્રેમરાય પાછો પડે છે. નાગજી
નરમ થાય છે. શ્યામલાલ વખણાય છે, ચંડસેન પસ્તાયછે. અ
ર્થાત્ સર્વનાંજીવનનું કૃત્યસમ પરિણામ દેખાય છે, અંતમાં
પ્રભુ પાસે શ્રેયસ્કર યાચના, અસ્તુ !

સમાપ્ત.

શ્રી.

સત્યવાન્ સાવિત્રી નાટકનાં મુખ્ય પાત્રો

બ્રહ્મા— }
વિષ્ણું - }..............ઉત્પતિ, સ્થિતિ અને લયના કરનાર ત્રિગુણાત્મક દેવ
મહેશ - }

યમરાજ..............કર્મ ફલદાતા દેવ,

નારદ...............દેવ મુનિ,

દ્યુમત્સેન............શાલ્વ દેશનો પદ ભ્રષ્ટ રાજા,

સત્યવાન્...........તેનો પુત્ર સાવિત્રીનો પતિ,

ચંડસેન............દ્યુમત્સેનને પદ ભ્રષ્ટ કરનાર ભાઈ,

અશ્વપતિ...........મદ્રદેશનો મહારાજા,

સાવિત્રી ....તેની પુત્રી, સત્યવાનની સ્ત્રી

નાગજી........... મદ્રદેશનો રહીશ, એક સ્વાર્થ સાધક,

શ્યામલાલ......... તેનો નીતિવાન ભાઇ,

માધવી............નાગજીની પુત્રી, દુધમલની સ્ત્રી,

પ્રેમરાય...........ચંડસેનનો પ્રધાન,

દુધમલ...........તેનો દીકરો, માધવીનો અજ્ઞાત પતિ,

તે સિવાય શેખ્યા, દૂત, કૃષ્ણદાસ, મેતા, ધીરસિંહ ઠક્કર, વારાંગનાઓ, દાસ, દાસીઓ, સિપાઇ વિગેરે,

સત્યવાન્-સાવિત્રી

નાટકનાં ગાયનો.

અંક—પહેલો.

શ્રી ભારતી સ્તુતિ.

સુત્રધાર:—

શુભ ફળ દાયક શ્રી સરસ્વતિ મા;
કરધર, વરકર, નીતિભર, રસઝર;
અરપ કૃતિમાં;— શુભ....
સત્યવાન્ સાવિત્રી સમ રતિ, દંપતિ ઉર પ્રગટે;
જગ જન, તન મન, ધન રહે, ઉન્નતિમાં;— શુભ....
યાચું એ દે મધુર વાણીની, જેથી સદૈવ રહે;
ભારતનાં તનને તનયા, પાવન પ્રતિમા.— શુભ....

૨

સુત્રધાર:—

પુનિત પતિવ્રતાનો, પ્રભુ સમ છે પ્રભાવ;
પ્રસાર તો જય ધ્વનિ, ત્રિભુવનમાં સ્વભાવ;— પુ૦...

નીતિ ભરિત મન ઇચ્છિત કરવા;
ડગે નહી વિધ વિધ કરી વ્રત નેમ;
તારે કિનારે ઉતારે, ડુબેલું પિયુનું;
આયુ નાવ— પુનિત૦...
મદ્ર મહીપની એવી તનુજા;
જીતી અજ હરિ હર યમ કર્યું ક્ષેમ;
સ્વામિ સ્નેહીનું, ભજાવી એ ભાવે;
સભાને દઇએ લ્હાવ;— પુનિત૦...

૩

સત્યવાન્:—

માત પિતા તણા, સેવક સુત છે;
સિદ્ધિના સ્વામિ, અક્ષય ધામી;— માત૦...
ધોઈ પદ જળ, પિતાં રસાતળ;
જાય છે સકળ, પાપ જે પ્રબળ;— માત૦...
થયા ગજાનન, એહ કૃપાયે;
પુજ્ય પ્રથમ કુરૂપ છતાંયે;
ઇશ એ સેવાનો અમ્મર લાભ;
આપ, તાપ, કાપ;— માત૦...

૪

સત્યવાન્:—

અંત અજય નવ થાય પિતાજી;
જો નવ નીતિ વરજી;
સહેલાં દુઃખ દઇ લાવે હરજી;— અંત૦...

નવ ચળીએ વિશ્વાસ વિચારી;
કષ્ટ હરે તો કરૂણા કારી;
જીવ ગ્રહે આશ્રિતનો હાથ;
તો શું ભૂલે ત્રિભુવન નાથ;
શુણુતો જે અહનિશ અરજી;— અં૦...

૫

સત્યવાન્:—

જઇ મારૂં નિવારૂં આ સ્થાનની બીતિ;
દુષ્ટ જશે નહીં બાળ જીતી— જઇ૦...
આશીષ પિતુની વરથી, તિક્ષણુ આ મમ કરથી;
કદી વીર હશે; છુટી નવ જશે; કરીને અનીતિ;—જઇ૦...
સંત સેવકને ઇશ્વર સ્હાય, આવીને કરે છે;
હજારો હરે છે; વિપતિ ધરે છે; પ્રી...તિ— જઇ૦...

૬

સત્યવાન્:—

વિધિ વશ વસુધા વાસી, વરતે વિધિ વશ વસુધા વાસી;
ક્રુર દયાળુ ધર્મિ અધર્મિ; વળી ભોગી કે ઉદાસી;
સંચિત વશ ક્રિયમાણુ કરે છે; જો ભૂલે અવિનાશીરે,— વરતે૦
તે સંચિત ખળ ત્યાગી નીતિ, રાજ્ય ભ્રષ્ટ વન વાસી;
કીધા ચંડસેન કાકાએ, ધુમત્ પિતુ ગુણ રાશિરે— વરતે૦
શોભ્યા સ્ત્રી હું પુત્ર સત્ય સહ, જગત્ પ્રપંચથી ત્રાસી;
વસી વે નૃપ અહીં હરિ ભજતા, જીવન્ મુક્તિ કરી દાસીરે;—વરતે૦

७

સાવિત્રી:—

> થશે સાર રહિત, જીવન છળમાં, નિજ હિત હર;
> ફળ અફળ વિષમ વસે;— થશે...
> ફસાવે સુજન વૃંદ, જો જે તું મતિ મંદ;
> પરિણામ વિષવત્, વિપરીત તેનું;
> કરશે હાર, હૃદય ધાર, ભય અપાર;— થશે...
> અનીતિ ઉદય ગણુ વિજળી ચમક વત્;
> ક્ષણિક પ્રકાશ નાર, પણુ જગપતિ;
> આખર ધાર, સત્યની વ્હાર; છે કરનાર— થશે...

૮

સાવિત્રી:—

> સંત શીખો સમજાવું હું, સુંદર સંસારીના ધર્મને;
> જે કરાવી કલ્યાણુકારી, નિત્ય કર્મને;
> ને અપાવે છે અંતે, અવાસ પર્મને— સંત...
> મન વચન કાય અભેદ કરી, જોડાય છે જે દંપતિ;
> ત્રય આશ્રમોથી શ્રેષ્ટ છે, તેનો ગૃહસ્થાશ્રમ અતિ;
> એવી થતાં મનની ગતિ, ન વિચારતી સ્થિતિને મતિ;
> ગુણુ રૂપ પરખી કંઠ માળા, આમ બાળા નાખતી;

(પુષ્પ હાર પહેરાવે છે.)

સત્યવાન્—હાં, હાં આ શું કર્યું સુંદરી; ખોલો મનની વાત જે ખરી;

સાવિત્રીઃ—શું નવ સમજ્યા હજુ વાતને, દીધી કરવા અજબ—
આપને શીખામણુ સાક્ષાત;
સત્યવાનઃ—હોય શીખામણુ લાગે છે, ત્યારે આ ધાટ;
સાવિત્રીઃ—હોય સ્વિકારો સ્નેહથી, શીખ્યા જે પાઠ;
ફરીબેટાને કહેશું અધિક મર્મને; સંત૦...

૯

નાગજીઃ—

શું કહું મુરખ, તું મુજને દુખ, અનહદ દે;
ત્રીશ વરસના દાંડા, તુંમાં, અક્કલ તો જરી નવ છે— શું૦
સાવિતરી સાથ કેમ, મોકલાવી માધવી;
પરદેશ રખડાવી, કરવા શું સાધવી
પછી મુંને ન ગણે, જોયું મે એવું ઘણું;
મારે ન પોસાય એવો અનરથરે— શું૦
છોકરીને રાખવી, અભણને અજાણુમાં;
તેથી ઉંધો ચાલી, પીડા કરે મારા પ્રાણુમાં;
હવે એવું કરશે, માર ખાઇ મરશે;
ગયાં જો મારાં અરથને ગરથરે;— શું૦...

૧૦

શ્યામલાલઃ

કર હવે બસ, નહીં રહે કસ, જનમીઓ, ગુમાવવા પિતુ
યશ—કર૦...

અખાજ ખાવાની વાનત, ઉર જણુાય અપાર;
એવા તું ભાઇને શરણુ, સરલ રીતથી સુખ નથી મળનાર;

બોહુ લોહથી કપાય, એવા યોગીને ઉપાય, તુજને નમાવું પાય;
ચાખજે ત્યારે આ રીતીનો રસ;— કર૦...
તાતનાં ધનને એકલો ચારવા કરછ આમ;
મારેય આજથી બ્યાજબી હક્કને ગ્રહણુ કરવો છે હરામ;
જ્યારે હરીશ તમામ, તુંને કરીશ ગુલામ; ત્યારે ફરીશ આ ઠામ;
બાધાએ લઇને જાઉં છું ખસ;— કર૦...

૧૧

નાગજી:—

હોય તારા જેવા, જો હજારો પિતા;
તો તો કેવી મજા, મળે મોટી મત્તા— હોય૦...
મુંઝવી મારી નાખું; દીમાં દશ બાર;
થાઉં સપૂતોનો સરદાર; કરૂં ઉંધાં ચિતાં— હોય૦...

(ચલતી)

આશા રાખે મારી તેને દેખી કહું છું; જા પાજી; દુર થા પાજી;
કોઈ ખટાવે પૈ પૈસા તો, આવો મારા બાપાજી ને દાદાજી;
કહી ચાટું જાુતાં, ટળે એ તો ચિંતા, કરૂં ત્રાગડ વીતા—હોય૦....

૧૨

દરબારી:—

નર વર શિરમણી, વિજયી વિજયી હો;
દિન દુ:ખ દુસ્મન, હિત સરવનું છો;— નર૦
કદી નવ લોપી શકે, કોઇ લવ નીતિ;
અતિશય દુર્જન મન તવ ભીતિ;

૧૨

રહે જાતી સુખમાં, તવ સરવ પ્રજા;
સ્તવિ પ્રભુને, ચહે નૃપ આ; અચલ રહો;— નરવર૦

૧૩

સાવિત્રીઃ—

રે શું કદળી કચરે, ક્રુર ધીક ધીક;
ના શું તુજને કૃતાન્ત, કુકરમ બીક— રે શું૦...
અજનારે અજી સુંદર જોડી;
તોડયે તે નહીં થાય તુજ ઠીક;— રે શું૦...
દીન દુભાવ્યાં, બાળ રડાવ્યાં;
કે નથી મેં જતી રોકી જળ નીક;— રે શું૦...
ત્રિણુ અપરાધ પિડાય છે બાળા;
શ્રી જગદીશ કરો આ બીતિ ક્ષણિક; રે શું૦...

૧૪

આકાશ વાણીઃ—

જગત્ સર્વ છે, વિચિત્ર કૃતિ મય; છતાં સહે નવ હાની;
કારણ કે તે મધ્ય વસે છે; અનેક સતિને જ્ઞાની;
સ્વતપ પ્રભાવ વડે હરકતો હરે ક્ષીતિની છાની;
તે સતીઓનું છત્ર ગણાશે, સત્ય પરણી સાવિત્રી;
મન વાંચ્છિત મેળવશે, કરીને વર વ્રત વઠ સાવિત્રી;
ચિંતા શીદ કરો, દ્રઢ રહો શુભ ફળ ચિંત ચિત્રી;

૧૫

અશ્વપતિ:—

હરજે હરકત ગણિ હરિ, તુજ કુંવરી;— હરજે૦...

શુભા શુભ ચરણે ધરીને તવ;
રહી અસંગ વિચરૂં હું આ ભવ;

કર દ્રગ દયા ભરી;— હરજે૦...

સત્યવાન સાવિત્રી સંગે;
રહે દીર્ઘાયુ મુદ ભર અંગે;

ધરી તવ પદ રતિ ખરી;— હરજે૦...

૧૬

સાવિત્રી:—

ચિત ચગડોળે ચાહ તણે ચડી ચાતુરી હરી ચમકાવે;

શું થાશે ભાવી નજર નવ આવે —ચિત૦...

માત પિતાને પિયુ સંગમની, મધ્ય હું માછલી ઘુંમું;

સુખનો જલધિ કોણ બતાવે;— ચિત૦...

રાજી રહે ગુરૂ જનને તે મળે, મોહન જ્યાં મન મોહ્યું;

થાયનાં એમ તો અંત કાં ન આવે;— ચિત૦

૧૭.

સાવિત્રી:—

સુણેન નિયમ આટલો, શ્વસુર ધામ ધારજે;
હૃદય સર્વનાં નાંતિ રીતી, નિભાવી ઠારજે;— સુ૦...
ગાજે સ્વામિ ગુણ ગાન, સ્ત્રીને એજ મોક્ષ સ્થાન;

દોષ રોષ હોય તોય, શીર ચડાવ જે;

પ્રેમ યુક્તિથી પછી તે નિવાર જે;— સુ૦...

લોભ મોહ ક્રોધ કામ, શત્રુ સંગ ગણી હામ;
સદ્ વિચાર શસ્ત્રથી, ધરી હઠાવ જે;
કુળ પિતા શ્વશુરનાં, તપથી તારજે;— સુએન૦...

૧૮

સાવિત્રી:--

આલે અતી ઉપકારીણી આપુંછું મેરૂને ત્રણ સમાન;
દઈ વાલમ વાટ વધાઇ તેં મુજને આપ્યું છે જીવિત્
દાન—આલે૦...

વારી વારી બેન તું પરવારૂં; પ્રાણથી પ્યારૂં;
સર્વસ્ મારૂં, થાય જરાય ન, તો પણ તારૂં;
સેવા સમું સન્માન;— આલે૦...

સાખી

કહે દીવસ ઘડી મુહુર્તની, આલી અથ કહ્તી વાત;
સ્મરૂં ને મુર્તિ મદનની; કયારે થઇ સાક્ષાત;
પ્રિય કહી, ગ્રીવ ગ્રૃહી, દુ:ખ દહી, કરી સહી;
મુકાવશે મુજ માન;— આલે૦...

૧૯

જાનડીઓ:

વેવાઇ પ્રેમરાય વેલેરા જાને;
મારી વેવાણ જાય બીજાને;— વેવાઇ૦...
વિનવિને લાવ ફુલીઆ રિસાણી, લેશે કાપડું;
નહીં તો નાખશે ધોળામાં ધૂળને ચોરશે ચાંબડું;

ભર ચોટામાં પાઘ ઉતારી, પગે લળીને લાગજે;
તો વાગશે પાછી પણ મારી, સાત વાર તું માગજે,
છે લટકાળી, ને ચટકાળી, ભુલ્યા તો જાશે દઈ તાળી,
દોડને મુરખ સુખથી ઉંઘે છે શાને:— વેવાઈ૦...

૨૦

સત્યવાન:—

ભુલ ભયંકર આશી, રમતમાંથી, ભુલ ભયંકર આશી;
સુત્ર સહુણી ખાતી; વૈભવ ત્યાગી થની વનવાસીરે— રમત૦...
મેં ન ધાર્યું આમ કરશે, સર્વ તેને અનુસરશે;
નહીં તો દેત ન મોહની ફાંસીરે— રમત૦...
રત્ન એ કંકરની સંગે, પરખતાં નવ રહે ઉમંગે;
હઉં શીખ થાવા યોગ્યની દાસીરે;— રમત૦...

૨૧

સાવિત્રી:—

છે ક્યાં આલી વેશી, અહીં મારું ચકવાક;
બતાવને બચવ નહીં તો થાશે તનકું ખાક; છે૦......
રામ પિતાને માત પિતાએ; કર્યો દુરાગ્રહ શાપ ક્ષમા;
વખત વિમાવતા છો, વિગ્રપે શુણી;
પણ તું કહે, સત્યવ્રુ— છે૦......
શું નવ બોલેને અતી ડોલે, તું પણ લાગછ પ્રતિપક્ષિ;
મુજથી છળ રમશે, જરી તો પિયુ;
પામીશ પરભવ આફ;— છે ક્યાં૦......

૨૨

આવિત્રી:

જેનું જીવન વૈભવ વશ, અવતાર નાર તેનો ધિક્કાર;
માનું તેને હું સ્ત્રી દેહે; આવી અધમતા આ સંસાર;—જેનું૦...
નવ નિજ તરતી, નવ શ્રય કરતી, આપ્ત જનોનું કુળ-
અંગાર;—જેનું૦...
પ્રભુ જે સ્થિતિને આપતા, સંતોષ તેમાં માનતી;
ગણી તુચ્છ પરનું સર્વ, સુખ પામે સુખી જેથી પતી;
ગુણ કીર્તિ ભક્તિ ઉમંગ, વસ્ત્રાભુષણોને ધારતી;
સુખ દુઃખ વીષે સંગી રહીને; સ્યામ શોક નિવારતી;
શુભ સત્ય નામ તેનુંજ નાર; મમ એજ માન્યતા
નૃપ કુમાર;—જેનું૦...

૨૩

સાવિત્રી:—

હવે મારે શું બાકી, મેં ધાર્યું અખંડ;
તાપ તન મનના, હરનારૂં છત્ર;—
થયો સંસારે છેલ, માર્ગ મારો બહુ સ્હેલ;— હવે૦
શીળી તવ છાંયા, દ્રઢ નીતિ મય માયા;
થી ધન્ય ધન્ય કાયા, થઇ માનુ છું રાજ;
ઇંદ્ર ધામ સુખ તમામ પામી છું સદાનું અત્ર;— મારેશું૦

સત્યવાન:—

રાખે મન એવાં, તે ચાખે સુખ મેવા;
અક્ષય પદવી લેવા, નવ તેને લવ વાર;
હોય છો હજાર વિઘ્ન આવતાં થઇ એકત્ર;— મારેશું૦

૨૪

વારાંગનાઓ— નાચ

સાપપ, ગમ પધ પમ ગરેસા;
સાની સાની ધપ ગગ, મપ ધની ધપપ;
ધપમ, પમગ, મગરે, ગરેસા;— સાપપ૦...
સાસા, રેરે, ગગ, મમ, સા, ની, ધપ;
સારે ગમપ, સાની ધપ, મગરેસા;— સાપપ૦...
સાસા, રેરે, ગગ, મમ, પપ, ધધ, નીની, સાસા,
પમ ધપ નીધસા સાની સાની, સાનીપ;
નીધ નીધ, નીધપ, ધપ ધપ ધપમ;
પમ પમ, પમગ, મગ, મગ, મગરે;
ગરે ગરે ગરેસા;—... ... ...સાપપ૦
ધાગે ત્રટ, ધાગે, ત્રટ ધાગીના, ધાત્રક ધીન;
ધીતા, ધીત, ધીતા, ધીધી તક, ધીધી તક;
તટકતા, ધાગીન ધાત્રક, ધીન ધાધા;
ધાગીન ધાત્રક ધીન ધાધા; ધાગીન ધાત્રક
ધીનધા, એક, દો, તીન;— સાપપ૦...

૨૫

સાવિત્રી:—

સર્વ પુજ્યની સમક્ષ રાખી ભાનને;
સ્થાપું શુદ્ધ ચિત, સ્વામિ સત્યવાનને;
અન્ય તાત ભ્રાત, બાળ, સ્વામિ સલ સદા કાળ;
એવી અર્પું વરમાળ;—

સાખી:—

સત્યવાન:—
વિપત્તિને વૈભવ વિષે, જે છે ગૃહસ્થ ધર્મ;
અનુસરી તેમજ દંપતિ, મેળવશું પદ પર્મ,

રાજમંડળ:—
ધન્ય ધન્ય દિવસ આજતો, રામ સિતા સમું;
જોડલું અવની આંહ; નિરખીને અવર,
મુદ્દન માય, કરો હરિ એમનું શુભ સદાય;— ધન્ય૦
પૂત્ર મિત્ર ધરણી ધામ દીર્ઘ આયુ અમર નામ;
અરપ દૈવી પુરણ કામ, જેથી સુર યશ ગાય;
ધન્ય૦ ધન્ય૦

અંક—બીજો.

૨૬

સ્યામલાલ:—
શા ધન પૂજક અજબ જણાય;
થાય ન અન્ય વિષે અનુરાગી;
હો જીવન જગ અફળ ગણાય;— શા...
નવ ખાતા, નવ દેતા ખવા,
સન્માર્ગે નવ દેતા જાવા;
સંઘરી અંત સમય પસ્તાય;
નવ જીવ જાય, તવ સમજાય;— શા...
એવાને લુંટી રખડાવે;
ને એ ધન શુભ ક્ષેત્રે વાવે;

પ્રભુ પ્રિય પરમ પુરૂષ એ ગણાય;
માટે એ ઉપાય, ની લકું રહાય;— આ....

૨૭

સ્યામલાલ:—

આ થયું અતિશય, મન ઇચ્છિત કરનારૂં કામ;
જેને હાથ હોય અધિકાર, કરે તે સરવને ગુલામ;—આ....

છળ બળ થકી, ખળ નિર્મળ કરશું;
સત્ય ન્યાયને, શરણું રહીને દીન જામ.— આ....

શઠ પ્રતિ શઠ રહી. સુજન પ્રતિ સુજન;
ને દિપાવશું, પુજનિય પિતુ તણું નામ— આ....

૨૮

સાવિત્રી અને સખીઓ;

સુર સર્વ આ આકાશ, માર્ગ જાય, જેને બ્હેની;
ગિરી હીમ તણે દ્વાર;
શીવ ઉમાનાં લગ્ન જોવા બ્હાને,
નિજ અંગનાને દ્રવ્ય બોધ દેવાને,
પ્રેમ ભક્તિ, દેવી ચરિત્, વર્ણવી વિશાલ, કહેતા જયકાર;—
સુર૦...

દક્ષ પિતાના યજ્ઞમાં, નવ જોયું પતિ સ્થાન;
તેથી અગ્નિમાં પડી આણ્યો તન અવસાન;
અવતરીયાં ત્યાંથી જઇ, હીમાલય ઘેર;
ચૌદ કોટી વરાંગણી, વૈભવને ઝેર;
દેહ દમી શીવ વરવા, સપ્ત રૂષિ પ્રેર;
રામ પરિક્ષા દેવાથી, કોપેલા ભરથાર,
તપથી અતિએ વશ કર્યાં, અમર ધરી અવતાર;

દીધું નારી મહત્તાને, સર્વોત્તમ સ્થાન;
અને નારીને શાસ્ત્રામણું દાન;
જાય એને લઈ અંગનાઓ દેવા સન્માન;
અને લેવા નિજ ધર્મ કર્મ જ્ઞાન;
એન આપણું પણ નિત્ય, ગાઈ એનાં ગુણ ગીત;
સદા રાખીએ રીત, પિયુ પદ રજમાં પ્રીત;
ત, રી, શું, આ, સંસાર;— સુર....

૨૯

સાવિત્રી:—

નહીં માનું આજ શીરતાજ, શીદ સમજાવો;
સેવાને ઇચ્છું મહારાજ, વિજન વન લ્હાવો;
નથી અઘટિત અરજી, જશો નહીં વર્જી;
કરી પ્રભૂ મરજી, કહો પ્રિય આવો;— નહીં.
દુભાશો નવ છે, આપ ઉપર મમ દાવો;
કહું અતી કરગરીને, પદ શીર ધરીને;
આ કિંકરીને નવ તરસાવો;— નહીં.

૩૦

સત્યવાન:—

ભવાટવીનો માર્ગ સુગમ થાય;
હોય સુજ્ઞ સ્ત્રી જો, પુરૂષ પન્થી સંગમાં— ભવા.
પતિ મતિમાં વિચરતી, ભરી હિતકારી સતિ;
વિતાવે જીવનને અનૂપ ઉમંગમાં— ભવા.
અઘ કંટક નિવારી, શિયળનું છત્ર ધારી;
પ્હોંચાડે નિજ પુન્યે, પ્રભૂ ઉછરંગમાં— ભવા.

૩૧

સાવિત્રી:—

જો જો પખાડતા ખુબ ચગ્ગણીને, અધર નારીને નહીં;
શક્તિ શીવની છે છાંય, કરે સર્વ માગી સહાય;
શું પાર્યું છે, કહો, તેને વડી કહી;— જો જો.
જોખમ સરક ટાળી ટકરાઇ, બઇને જશું ન કદી કચરાઇ;
ભણ્યો ફરી એવાં વદશો નવ અહીં;— જો જો.

સત્યવાન:—

સાચાને સાને ડરાવે છે સુંદરી;
હજાર વાર છે સતિ વડી ખરી;

સાવિત્રી:—

ચુપ ! વળી એવી હાંસીની વાત અહીં;— જો જો.

૩૨

કુમુદ:—

બાઇજાંઇ ભળીયા, કૂતરા [illegible]
જઇ બાઝ મેતાને પગ;
બાજો મારીને શીખવે છે, ક ખ ગ ઘ ડ૦— બાઇજાં
પોતીયું ફાડજે, નીચો પજાડ જે;
ચોરીને રોટલા, તો તો ખવરાવીશ;
બેસાડી સંગ... ... ... બાઇજાંઇ.

૩૩

કુમુદ:—

ના, ના, એકલો, સુવાની સાદ ના, ના, ના;
તુંને લઇ બાથમાં, રોજ ઊંઘું રાતમાં;

એમ જ ઉંઘીશ, મીઠાં હાલરડાં;
હુતે જો, ગા ગા ગા;— નાના૦...
ખંદાજી ડોલશે, જ્યારે તું બોલશે;
પોઢો મારા દુધમલ; અલુલુલુ અલુલુલુ;
હાં ——— હાં ——— હાં;——— નાના૦...
બોલી જો આવશે, મુંને બોલાવશે;
ગજાવીશ ગામ, તુંને બોલાવીશ આમ;
રોઇ, આં —— આં—— આ—— નાના૦...

૩૪

માધવી:

ખાવાં શાં પાપ અમાપ, તપાવી તાવેરે;
સોના સમ મમ કાય;
ભવ કેમ જાશે ભગવાન, મોત નવ આવેરે;
ત્રિભૂવન શુન્ય જણાય;
રહું છું ડરતી, સ્વધર્મ ધરતી, વચને અનુસરતી;
પણ સૌ નિરખી ખાય ધાય;
બાળક સ્વામિ, એ બદનામી, મુને નકામી;
આપે બહુ મારો શો ઉપાવ;
આ દુઃખ દેવા કેમ ઉછેરી, તાત લક્ષ્મિના લોભી;
શ્રાપ શા તુજને દઉં, વેચી અવાચક ગાય;
તુચ્છ ધન કાજે, જે, નથી નભનાર સદાય — ખાવાં૦

૩૫

સાવિત્રી:—

આ મન મુરખ કેમ ન માને;

ચિત્ર વિચિત્રને ચીતરે શાને;
રાંકનો રામ છે, રાખણ હારો;
એડો બુડાડશે, કેમ તે મારો;
કોઈ ઉગાર્યા. જેણે ખોટે બ્હાને; આ મન૦
વાડ કદી નહીં વેલને ખાશે;
કલ્પ તરૂં નહીં કંટક થાશે;
દેશે ઇચ્છિત, પિતા પુત્રીને દાને;— આ મન

૩૬

સત્યવાન:—

રે મૂઢ શું પદ વડે, મૃદુ કુંજ છુંદે;
તું પ્રેમને પર કરી, અન્યાય શું દે;
જાશે યુવા મદઝરી, તત્ર ખેદ થાશે;
હાથે હરયું નહીં મળે, રહી વાત જાશે;

૩૭

સાવિત્રી:—

ના ના એમ મીઠાં, બોલ્યે હું ન માનું;
માનું ફરી એવાં ન કહેવા, જો દો કાંઇ છાનું;—નાના૦

સત્ય:—

સુખેથી માગનાં અધિક તુજથી કશું;

સાવિત્રી:—

કુસુમ માળ તો દીએ, આમાગું અન્ય શું;

સત્યવાન:—

વાહ શી માગણી, અરે અન્ય કાંઇ માગ,
દાન આ તો છે ન્હાનું— નાના૦...

સત્યવાન:—

રસીલી માળ લે, કહે પછી ફરીશ શું:

સાવિત્રી:—

રસીક યૌવનના સુકંઠમાં ધરીશ હું;

હાલ હેતે કર; (પ્હેરાવીને)

હવે દૂર થયું રૂસણું, સલુણા સદાનું; નાના૦...

૩૮

સાવિત્રી:—

આવો, આવો, આવો, મારી લાજ નિભાવવા;

સોંપી છે આપ હાથ;

અધમોદ્ધારક વારજો થાશો, તો યુગો યુગમાં એમ

કહેવાશો. સાચી ન નારી, કે શ્રી મુરારી, જાશું હારી;

વ્રતનાં, સતનાં, પતને પિતુ પુત્રી દીનાનાથ;— આવો૦

સાખી:—

હેજે હાલા હાવજો મમ પ્રિયતમના પ્રાણ,

નાંતો લેજો વેગથી, આ પુત્રીના પ્રાણ;

શોભા રહે જેમ, કરોને એમ, નાથકે ક્ષેમ;

રાંકનાં હેમ, લાવોને રહેમ, કામ ન આવશે

કરી કૃપાધન એક કર્યંવિણુ વાત— આવો૦...

૩૯

યમ:—

જરી સાન ન આવે કેમ હજી;

નોબત કાળની થીર બજી;— જરી૦...

જીવન હંસ તજી તન જાશે;
ત્યારે કો નવ સહાયક થાશે;
પછી હિસાબ જશે હરજી;— જરી૦...

આશા રેંટ ન પૂર્ણ ભરાશે;
વ્યર્થ પ્રપંચ કરી ખડ ખાશે;
ર તેને તત્કાળ તજી— જરી૦...

માનવ દેહ છે મોક્ષનો હેતુ;
હજુ પણ લક્ષ, વિચાર ન તે તું;
તજ દ્વેષ ભજ ભગવાન ભજી;— જરી૦...

૪૦

નાગજી:
ધાડ પાડુ આવા, મરી ક્યારે જાશો,
કોઈ બોલશો,
કરી કાવા દાવા, લાજ વાળા બાવા,
કરે તેને સહાવા; કોઈ બોલશો;— ધાડ૦...

સ્વામી:—
ફોકટ ભૂંડે થાને ચાતા પાસ બધાં છે ફાંફાં;
અંઝરીયાં વિણ, હવે ન આરો;
રે સિપાઈ, બાંધી આણો, જલ્દી ચાલો;

નાગજી:—
આવી બની મારું કોક તો થાઓ;
મારે સારે એક વાર તો જાઓ— ધાડ૦...

૪૧

સાવિત્રી:—
દયા લાવો, દયા લાવો, જાઓ ન આવો, ફેર કરી યમરાજ;
મારો ચોરી, મારો ચોરી, જોમાં થીર તાજ;— જાઓ૦

મારૂં થાશે; મારૂં થાશે, મારૂં થાશે; ધૂળધાણી સહુ કાજ;
ખાતાં લાજો, ખાતા લાજો; મારે અભાજ;— જાઓ૦
શાને બાંધો, શાને બાંધો, શાને બાંધો, પ્રેમના પૂરમાં પાજ;
અરે ત્રાતા, અરે ત્રાતા, આ થાય અકાજ;— જાઓ૦

૪૨

સાવિત્રી:—

બની છે બાળકી ઘેલી, કરોને વ્હાર શીવ વ્હેલી;
પધારો માનને મેલી, સમાગ હે સર્વના બેલી;
ચરણુ ભક્તનાં દુઃખો ચૂરા, કરી પંકાઓ છો પૂરા;
શું દેશો મુજને ઠેલી, સમાગ હે સર્વના બેલી— બની૦...
કર્યું જો હોય વ્રત સાચું; થજો પ્રત્યક્ષ તો યાચું;
ઘડી આ મારી છે છેલ્લી; સમાગ હે સર્વના બેલી;— બની૦...

૪૩

સાવિત્રી:

વિનતિ સ્વિકારો વિપત્તિ વિરામ, રોઇ રાંક રટે છે.
બિરૂદ તરસાવો, સુંદર સ્યામ, શોભા એથી ઘટે છે;
મનવાંચ્છિત ફળ કઇકને આપ્યાં;
કષ્ટ કૃપાળુ કઇકનાં કાપ્યાં;
એવા તમોને ન આ વડી વાત;
કલ્પાંત મારો મટે છે—- વિનતી૦...
મયા કરી મહારાજ, લગ્નેચ્છા પૂરણ કરી;
વળી વણસે છે કાજ, તેહ સુધારો શ્રીહરી;
છે જગ જાહેર, આપની ખ્યાત;
આશ્રિત શીરને, ઘટે છે:— વિનતી૦...

૪૪

વિશ્નુ:

આત્મ શ્રદ્ધા જેની અચલ;
તેને સર્વ પ્રાપ્ત હોય, જો ન હોય તો ન મોક્ષ;
ભેદ સંતતામાં હોય, દૂષણો અનેક જોય;
ને સ્વિકારે ખલનો અમલ;— આત્મ૦...
માટે કર્મ કેરો નાશ; કરતાં ધર્મનો વિકાસ;
થાય છે તો એ પ્રયાસ, માનું અર્પનાર સુફલ;— આત્મ૦

૪૫

આકાશ વાણી:

જયતિ, જયતિ, મહા સતિ;
કુશલ કરણી, અચલ ધરણી, થઇ છતી;— જયતિ૦...
પ્રાચીને વચન જગતને, અતિ કર્યો ઉપકાર;
સહુ પદ રજ શીર ધરી;
અકથ સુફલથી ભરી;
તરી જવા ગાઇએ તવ કૃતિ— જયતિ૦...

અંક ત્રીજો

૪૬

નારણ:—

રહી લખેસરીને કરમે, આખર ધંડી સૌ જો જો,
આ ગદ્ધપણમાં દુઃખ જોઇ, મુજ નામ ઉપર બહુ રોજો,
હવે ન કહેશો કોઇ મુજને કંજુસનો સરદાર,
ઉદારતાથી આ દરણાંને આપી દેવા છું તૈયાર,
પૈસા દેખી બધા માગતા, કેમ ફરો છો હવે આગળા,

આવો આવા શૂરવીર હોવા ઉપાડવા આ બોજો,
બંડોમાં હું માખણીયાને હાથે દેખી ચોજો— સ્રી૦

૪૭

શ્યામ:—
ઓ સંતાનો ! ક્ષત્રિઓના, સ્વધર્મના પ્રતિપાળ,
નામ અમ્મર, કાજ કમ્મર, મારવા ખરને, કાળે,

શંકર:—
પ્રભુની વિપત્તિ હમાંને હરવા,
શૂર સંહરીને સ્વર્ગે વરવા,
કુટીલો હણીને કીર્તિ કરવા,
ફરીએ જરીનાં આણુની પરવા.

શ્યામ:—
ધન્ય છે કરપીણના કાજ;
ટાળજો ચોંટેલું આળ,— ઓ સંતાનો૦

૪૮

માધવી:—
વ્હાલા ત્રિકુલ દેજોરે, મારા પતિને પરમ ધામ,
સેવા કરવા તેનીરે, લેજો મુજને પુરણકામ,
પુન્યશાળી પિયુ પીડાય છે આ વિયોગીણી તમને મળવા,
અરજી અઘહર જો ન સ્વિકારે આપ ન દેશો તો બળવા
વાચી સત્વર લેજોરે, અનાથ અબળા સુધડ શ્યામ—વ્હાલા૦
નહીં સંતાપું મુગટ મણિને, તારૂં બાળ પણ મારો નાથ,
છતાં ન આપે કાં ઓ ઇશ્વર, મમ સર્વ સ્વરનો સંગાથ
કોપ ન શુંશુના મારૂંરે, હાય ! હવેતો હારી હામ- વ્હાલા૦

૪૯

શ્યાલાલ: —
નવધર એ ભય રતિ મમ પ્રાણ,

પ્રભુને તાર્યું, ચરણ ઉદરની,
જગ પાળે એ ધરની પાણું— નવધર૦
નથી મેં ભરવા ધન ભંડાર,
દાસ નામનો કર્યો સ્વિકાર,
પર હિત કરવા એ પદ ભાગ્યું— નવધર૦
આપો આશીએ ધરી અનુરાગ,
સ્વાર્થ ભાગ હરી, પરાર્થ ભાગ,
જ્ઞાની હોય હવે તે હાણું-- નવધર૦

૫૦

સાવિત્રી
ભરનિદ્રાના ભોગી જાગો જીવન હાર,
થઈ સુખકર શિતલ સવાર— ભર૦
પાપ રજની પતિ ભીલ્લુક અંતક,
ભાગી ભરાયો રવિ જગ નાયક,
નિરખી સુકર્મનો પ્રભાવાન હવે,
વિદ કરો મા વૃથા વાર, મમ જીવન સાર,
સુખાગાર..ભર૦

૫૧

સાવિત્રીઃ—
નારને ચાર છે સાધન નાથની સેવ,
તે કરતાં રીઝે દેવને દેવના દેવ,
સુખદ સ્વામિને જેહની ટેવ,
મંગળ મેળવે તે તત્ર એવ— નારને૦
એવી તો નાથજી, હું તો નથી હજી,
તોય કૃપા તવ, દિવ્ય કરે ભવ,
વિચારો ઉચ્ચારો તો કાને એ પવ
આપવા રાખવી ટેવ... ... ...નારને૦

સત્યવાન્—વાહરે ચાતુરી,
સાવિત્રી—પ્રાણમાં છે પુરી,
સત્યવાન્—એ પ્રાણ તારો છે.
સાવિત્રી—તો વાહ ન્યારો છે
બન્ને—ધન્ય છે અંતર આવાંને, આપતાં
 પરમ સુખને એવ————વારનુ૦

૫૨

નાગજી:—
 વાહર વાહ હું તો જાણે શોળ વરસની સુંદરી,
 લટકો મટકો છટકો મારો, નેં નાજુક પગનો ઠમકારો,
 શોખીન ને ઘાયલ કરનારો, જોતાં બનડું ખાસ પરથી હું મરી;—
 વાહરે૦

 ખામી હવે રહી રસિયાની, એ આવે તો છાની માની,
 ચિસાઇ બેસું ને કહેવાની નહીં ખાસું, ગમતા નથી તમે
 જરી;—વાહરે૦

૫૩

ચંડસેન:—
 દિલદાર વિદ તરસાવ, આવ આ કરને કંઠ લગાવ,
 ઘાવ આશુક મનનો રુઝાવ, ભેટને ખુબ ધરીને ભાવ,
 દિલદાર૦

 આતારા તન બાગને, શાણી શિદ સુકાવ;
 પ્રેમ પાણી પાવાને ઉભો, માળી લેને લ્હાવ,
 જુવાની પુષ્પ વાસ પ્રસરાવ;— ભેટને૦
નાગજી:—જાઓ, જાઓ,... ... ...દિલદાર૦
ચંડસેન—આવો જગમાં ફાંકડો, છે કોઇ અન્ય જણાવ
 નથી નથી નથી નથી નકી જાણજે, નભૂલ આવ્યો હાવ,
 હવને દર્શન સુખ દરશાવ— ભેટને૦
નાગજી:—ના, ના,... ... ...દિલદાર૦

૫૪

ચંડસેન—
આવ્યો છું બરાબર, છું વખતસર,
કોઇને, નથ છે, ખબર,
જઇ પકડું સુતો સાપ, કરાવી કબુલ સરવ પાપ,
ગર્દને મારૂં કારમો કાપ, પહોંચાડું યમધામ
રક્તથી રંગું આ મમકર;— આવ્યો છું૦
ત્યાં પ્રસાર્યો તેમ આંહી પણ શું કરી છે હીલચાલ,
તે તપાસું ને સુધારૂં ખુબ કરી ખ્યાલ,
નહીતો જગત ગણુશે મુરખ નર;— આવ્યો છું૦

૫૫

શ્યામલાલ:—
સત્ય પ્રતિજ્ઞાઓ સંપૂર્ણ કરનાર,
સરજન હાર છે. તુને પ્રણામ;— સત્ય૦
સૌથી તનચલા દીન આ દાસને,
કીધો કૃપાળુ તેં કીર્તિનું ધામ,
હજુ પણ દે જે રમાપતિ સુજને,
નાતિના કામમાં હોંશને હામ;— સત્ય૦
માગું ન વૈભવ કે મન ફટકે,
માગું સુજન તણી સેવ અદામ,
મમ સમ પર હિત જગમાં જે ઇચ્છે,
આપ જે અંત તેને તવ ધામ;— સત્ય૦

૫૬

નારદ:—
લૌકિક સાધુ જનની, વાણી અર્થની પુઠે જણી જાય,
આદ્ય રૂષિ જનની પણ; વાણી પુઠે અર્થ સદા ધાય;
(ઉ. રા. ચ.)

૫૭

માધવી:—

જેના નસીબને હું ન પ્હોંચી શકી,
હોઇશ ગત પતિ હત્યારી,
લીધું વેર વિધિએ તે થકી;— જેની૦

સાખી

દ્વીનું પુણ્ય થશે નકી, એધરી અંતર આશ;
સેવા કરતી સ્નેહથી, તજતી સઘળા ત્રાસ,
પણ મમ રંકની કોઇએ દયાનાં, ધારી અરેરે નાથ—
રક્ષાનાં, ગયા કલંકી કરી સટકી;— જેની૦

૫૮

સર્વ પાત્રો:—

આપી દયા નિધિ દંપતિમાં દૃઢપ્રેમ,
કરજો જગતનું ક્ષેમ, હરજો કલહકર વ્હેમ,
ધરજો સન્માર્ગે શિશુની નેમ — આપી૦
સતી સાવિત્રી મનનિય માધવી,
સત્યવાન્ સમ સુત પિતુ ભક્ત,
પરદુઃખ ભંજન શ્યામ અશ્વને
સુમત્ સમ પ્રભુ પદ અનુ રક્ત,
થાય સર્વ એ દ્યો કરી રહેમ:— આપી૦
નાગ, ચંડ, સમ સુસ્ત સ્વાર્થિને,
કરો વિમલ જે અઘની ખાણ,
અજ હરિહર યમ નારદાદિ સર્વ,
કરો આપ જનનાં કલ્યાણ,
યાચે નરહરિ બાળક એમ;— આપી૦

સમાપ્ત.

જાહેર ખબર

નીચે છપાએલાં નાટકોના ઓપેરા શ્રી નરહરિ પ્રાસાદિક નાટક કંપનીનો જ્યાં મુકામ હોય ત્યાંથી અને જાણીતા બુકસેલરો પાસેથી મળી શકશે.

નામ.	કીમત,
રાજા સત્યવ્રત	૦–૨–૦
પ્રેમ મુગ્ધા	૦–૨–૦
ધ્રુવ ચરિત્	૦–૨–૦
રતિ માલતી	૦–૨–૦
સત્યવાન્ સાવિત્રી	૦–૨–૦
સલીમ શાહ	૦–૨–૦
ચિત્ર સેન	૦–૨–૦

જમનાદાસ વસનજી ઠક્કર

શ્રી નરહરિ પ્રાસાદિક નાટક કું.

મેનેજર.